# ગુજરાતમાં કોરોનાના કહેર : વધુ ૪૮ કેસ

## ગુજરાતમાં કુલ કેસોની સંખ્યા ૫૧૬ : મૃતાંક ૨૪ : વડોદરામાં ૬ અને અમદાવાદમાં ૩૯ કેસ સપાટી પર : છેલ્લા ૨૪ કલાકમાં ૪૮ કેસથી વધુ

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતમાં કોરોનાનો આતંક યથાવતરીતે જારી રહ્યો છે. આની સાથે જ કેસોની સંખ્યા પણ ઝડપથી વધી રહી છે. અમદાવાદમાં કેસોની સંખ્યા ઝડપથી વધીને ૨૮૨ ઉપર પહોંચી ચુકી છે. આજે રાજ્યના જુદા જુદા વિસ્તારમાં નોંધાયેલા કુલ નવા કેસોની સાથે જ ગુજરાતમાં કેસોની સંખ્યા વધીને ૫૧૬ ઉપર પહોંચી ગઈ હતી. એકલા અમદાવાદમાં સૌથી વધુ કેસોની સંખ્યા વધીને ૨૮૨ ઉપર પહોંચી છે. રાજ્યના અન્ય વિસ્તારોની સરખામણીમાં અમદાવાદમાં કેસોની સંખ્યા ખુબ વધારે હોવાથી અમદાવાદમાં સાવચેતીના વધુ પગલા લેવાઈ રહ્યા છે. ગુજરાતની વાત કરવામાં આવે તો હજુ સુધી ૪૪ લોકોને સ્વસ્થ થયા બાદ રજા આપી દેવામાં આવી છે. સુરતમાં કુલ કેસોની સંખ્યા ૨૮થી ઉપર પહોંચી છે જ્યારે અમદાવાદની સાથે સાથે વડોદરા પણ હોટસ્પોટ બની રહ્યું છે જેથી વડોદરામાં પણ ખાસ ધ્યાન અપાઈ રહ્યું છે. સુરત, રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર અને ભાવનગર ઉપરાંત પાટણમાં પણ કેસો વધારે સપાટી ઉપર આવ્યા છે. હજુ સુધી હોમ ક્વોરન્ટાઈનમાં રહેલા દર્દીઓની સંખ્યા ૧૪૦૧૩ જેટલી છે જ્યારે સરકારી ફેસિલિટીમાં ક્વોરનટાઈન રહેલા દર્દીઓની સંખ્યા ૧૪૦૬ જેટલી છે. પ્રાઈવેટ ફેસિલીટીમાં ક્વોરનટાઈન રહેલા દર્દીઓની સંખ્યા ૧૪૨ છે જ્યારે કુલ ક્વોરનટાઈન રહેલા લોકોની સંખ્યા ૧૫૫૬૧ જેટલી નોંધાયેલી છે. લેબોરેટરી પરીક્ષણની વાત કરવામાં આવે તો છેલ્લા ૨૪ કલાકમાં ૨૦૧૨ જેટલા ટેસ્ટ કરવામાં આવ્યા છે જે પૈકી ૪૮ પોઝિટિવ આવ્યા છે અને ૧૬૩૨ નેગેટિવ આવ્યા છે. ૩૩૨ના પરીક્ષણ પેન્ડિંગ રહ્યા છે જ્યારે હજુ સુધી ૧૧૭૧૫ ટેસ્ટ કરવામાં આવ્યા છે જે પૈકી ૫૧૬ પોઝિટિવ આવ્યા છે. ૧૦૮૬૭ ટેસ્ટ નેગેટિવ રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના ૪૮ પોઝિટિવ કેસ આવ્યા છે જ્યારે આજના દિવસે ૨૩ કેસ સપાટી ઉપર આવ્યા છે. આની સાથે જ કુલ કેસોની સંખ્યા ૫૧૬ ઉપર પહોંચી છે. આજે એક વ્યક્તિનું મોત થયું હતું. આની સાથે જ મોતનો આંકડો વધીને ૨૪ ઉપર પહોંચ્યો છે. ચાર દર્દીઓ વેન્ટીલેટર પર છે. ૪૪૪ દર્દીઓ સ્થિર છે. રાજયમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતના હોટસ્પોટ સ્થાનોએ સરકાર અને તંત્ર દ્વારા મહત્તમ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે, તેના કારણે હાલ રાજયમાં કોરોના પોઝિટિવના કેસોમાં આટલો ઉછાળો અથવા તો વધારો નોંધાઈ રહ્યો છે. આ અંગે આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો.જયંતિ રવિએ જણાવ્યું કે, રાજ્યમાં આજે વધુ ૨૬ પોઝિટિવ કેસ નોંધાયા છે. કલોલ તાલુકાના રાંચરડા ગામમાં ૬ વર્ષના બાળકનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. જેને પગલે સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. સમગ્ર રાંચરડા ગામને સેનિટાઈઝ કરવાની તંત્રએ ભારે કવાયત હાથ ધરી હતી. જો કે, આ બાળકમાં કોઈ સીધો સંપર્ક જોવા મળ્યો નથી અને બાળકની તબિયત સ્થિર છે. રાજ્યમાં અત્યાર સુધીમાં નોંધાયેલા કુલ ૪૯૪ દર્દીમાંથી ૨૩ના મોત થયા છે. અમદાવાદના નવા ૨૩ કેસ જમાલપુર, દાણીલીમડા, બહેરામપુરા, જમાલપુર, મણિનગર, ઘોડાસર, રાણીપ, કાલુપુર વિસ્તારમાં નોંધાયા છે. આ સાથે અમદાવાદમાં કુલ ૨૮૨ કોરોનાના દર્દી થઈ ગયા છે. ખંભાતમાં ગઈકાલે મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ આજે તેના પુત્રનો કોરોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હતો. આમ, ખંભાતમાં એક જ પરિવારના ત્રણ સભ્યોનો રિપોર્ટ પોઝિટિવ સામે આવતાં ભારે ચકચાર મચી ગઈ હતી. આજે અમદાવાદમાં સિવિલ હોસ્પિટલમાં ૬૦ વર્ષીય મહિલાનું મોત થયું હતું. કોરોનાગ્રસ્ત હોવાની સાથે સાથે આ મહિલાને ફેફસાની તકલીફ પણ હતી. આજે જે નવા કેસો નોંધાયા છે તે પૈકી ૧૭ પુરુષ અને છ મહિલાઓ સામેલ છે. કોરોના કેસોની સંખ્યાને લઈને તંત્ર પણ ચિંતાતુર દેખાઈ રહ્યું છે પરંતુ સાથે સાથે કેસોની સંખ્યામાં પણ બ્રેક મુકવાના તમામ પ્રયાસો થઈ રહ્યા છે. અમદાવાદમાં કેસોની સંખ્યા સૌથી વધારે હોવાથી અહીં હવે ફરજિયાતપણે માસ્ક પહેરવા સહિતના શ્રેણીબદ્ધ નવા પગલા જાહેર કરવામાં આવી ચુક્યા છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| અમદાવાદ ૨૮૨ | વડોદરા ૧૦૧ | સુરત ૨૮ | રાજકોટ ૧૮ | ગાંધીનગર ૧૫ | ભાવનગર ૨૩ |
| ગીરસોમનાથ ૦૨ | પોરબંદર ૦૩ | મહેસાણા ૦૨ | પાટણ ૧૪ | કચ્છ ૦૪ | છોટાઉદેપુર ૦૩ |
| પંચમહાલ ૦૨ | જામનગર ૦૧ | મોરબી ૦૧ | સાબરકાંઠા ૦૧ | આણંદ ૦૮ | ભરૂચ ૦૮ |



કોરોનાની મહામારી સામે એકજુટ થઈને લડત આપવા માટે નાગરિકો સજ્જ છે. ત્યારે ભારતીય વન સેવા એસોસિએશન તેમજ ગુજરાત વન સેવા એસોસિએશન તરફથી પણ મુખ્યમંત્રી રીલીફ ફંડામાં રૂ ૧૨.૧૮ લાખનો ચેક મુખ્યમંત્રી વિજય રૂપાણીને આપ્યો હતો. આ તબક્કે વન વિભાગના વડા ડી કે શર્મા સહીત અન્ય અધિકારીઓએ મુખ્યમંત્રીના રીલીફ ફંડમાં આ ફાળાની રકમ જમા કરાવી હતી.

## બાયડના લીંબ ગામે હોમ કોરન્ટાઈન કરેલ શખ્સ ગ્રામ પંચાયતમાં પહોંચ્યો

### આંબલીયારા પોલીસે ગુન્હો નોંધી કાયદાનું ભાન કરાવ્યું

બાયડ, તા. ૧૨

કોરોના વાઈરસ વૈશ્વિક મહામારી જાહેર થઈ ચુકી છે, આમ છતાં અમુક નાગરિકો ગંભીરતા દાખવતા નહી હોવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. વિદેશ, આંતરરાજ્ય કે જિલ્લા કે પછી કોરોનાગ્રસ્ત વિસ્તારમાંથી આવેલા નાગરિકોને ફરજીયાત ૧૪ દિવસ હોમ કવોરન્ટાઇન રહેવાનું હોય છે, જોકે ઘણા વ્યક્તિ તે બાબતે પણ ગંભીરતા દાખવતા નથી. હાલ શહેરોમાંથી મોટા પ્રમાણમાં લોકો ગામડામાં પહોંચી ગયા છે અને હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા હોવા છતાં બિન્દાસ્ત ગામમાં આંટાફેરા મારતા હોવાની બૂમો ઉઠી છે.

અરવલ્લીના બાયડ તાલુકાના લીંબ ગામે અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં રહેતો વ્યક્તિ વતનમાં આવતા આરોગ્યતંત્રએ તપાસ કરી હોમકોરન્ટાઇન કરવામાં આવ્યો હતો તેમ છતાં ગામમાં ભંગ કરી ફરતો રહેતો હોવાની સાથે ગ્રામ પંચાયતમાં પહોંચતા આંબલીયારા પોલીસને જાણ કરતા પીએસઆઈ આશિષ પટેલે હોમકોરન્ટાઈનનો ભંગ કરનાર જયંતીભાઈ સવજીભાઈ મકવાણા વિરુદ્ધ કોરન્ટાઈન ભંગની ફરિયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં રહેતા જયંતીભાઈ સવજીભાઈ મકવાણા કોરોના મહામારીના પગલે ૧૦ એપ્રિલે લીંબ ગામે પહોંચતા આરોગ્ય વિભાગની ટીમને જાણ થતા તાબડતોડ શખ્સના ઘરે પહોંચી તપાસ કરી ૨૩ એપ્રિલ સુધી હોમ કોરન્ટાઈન અંગે સમજાવી હોમ કોરન્ટાઇ કર્યો હતો. ગામના સરપંચ અને તલાટીએ પણ વારંવાર હોમ કોરન્ટાઈનનો ભંગ ન કરવા સમજાવતા છતાં દ્વેષપૂર્વક કોઈ પણ પ્રકારનું કામ ન હોવા છતાં લીંબ પંચાયતમાં પહોંચતા આ અંગે આંબલીયારા પોલીસને જાણ કરતા તાત્કાલિ લીંબ ગામે પહોંચી જયંતીભાઈ સવજીભાઈ મકવાણા વિરુદ્ધ કોરન્ટાઈન ભંગની ફરિયાદ નોંધી તેઓ હાલ હોમ કોરન્ટાઈન હોય તે સમયગાળો પૂર્ણ થયા બાદ તેમની પોલીસ ધરપકડ કરી કાર્યવાહી કરશે તેવી માહિતી પ્રાપ્ત થઈ હતી.

### આગ વરસી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાગરિકો બપોરના સમયે ઘરની બહાર નિકળ્યા ન હતા.આવશ્યક સેવાના ભાગરૂપે ફરજ બજાવતા કર્મચારીઓ પણ ગરમીની અસરથી પ્રભાવિત થયા હતા. પેટ્રોલીંગમાં દોડતા પોલીસ કર્મચારીઓ તેમજ માર્ગો પર ફરજ બજાવતા જવાનો પણ પ્રભાવિત થયા હતા. ગરમી ઉમદા ફરજ અદા કરતા પોલીસ કર્મચારીઓ માટે પણ આકરી કસોટી સમાન બની રહી છે. જયારે લોકડાઉન વચ્ચે આક્રમક ગરમીનુ મોજુ ફરી વળતા શહેરીજનો ઘરોમાં સજ્જડ બમ કેદ થઈ ગયા છે.

### કર્મકાંડી બ્રાહ્મણો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવા સંજોગોમાં કર્મકાંડી બ્રાહ્મણો ૪ થી ૬ મહીના સુધી બહાર નિકળી શકશે નહીં. સિધ્ધપુર જેવા ક્ષેત્રમાં પણ સમગ્ર દેશમાંથી યાત્રાળુઓ આવે છે. પરંતુ હાલ સન્નાટો છે. આવા કપરા કાળમાં યજમાન વૃતિ , કર્મકાંડ કે પુજાપાઠ ના આધારે નભતા બ્રાહ્મણો માટે છ થી આઠ મહીનાનુ ગુજરાન સરળતાથી ચાલી શકે તેવી વ્યવસ્થા સરકારે કરવી જોઈએ. આ બ્રાહ્મણો માટે કોઈ રાહત પેકેજ જાહેર થાય તેવી લાગણી પણ સમાજ વતી તેમણે વ્યકત કરી છે. આ મામલે સરકાર પુરી સંવેદનશીલતા વિચારી રાહતપેકેજ જાહેર કરે તેવી પણ માંગણી તેમણે વ્યકત કરી છે.

### ફરજિયાત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરના તમામ ઝોનમાં ગીચ અને ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ૬૨૮ જેટલા સેમ્પલ લેવામાં આવ્યા છે. કોટ વિસ્તારને બફર ઝોન જાહેર કર્યા બાદ દરરોજ થર્મલ ગનથી ૨૪ કલાકમાં ૨૪૦૦૦ લોકોને ચેક કરવામાં આવ્યા હતા, જેમાં ૫૬ શંકાસ્પદ સામે આવતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અમદાવાદમાં પરિસ્થિતિ નિયંત્રણમાં છે. કેસો સામેથી શોધતા હવે વધી રહ્યાં છે. સર્વેલન્સથી કેસો સામે આવતા બીજાને ચેપ લાગતા અટકાવવાની રણનીતિ કામ કરી રહી છે. ઘરે હેલ્થ ટીમ આવે તો તપાસ અને સેમ્પલ માટે સહકાર આપો. અમદાવાદમાં માસ્ક પહેરવું ફરજીયાત કર્યું છે. જો કોઈપણ વ્યક્તિ માસ્ક પહેર્યા વિના બહાર નીકળશે તો તેને રૂ.૫૦૦૦નો દંડ ફટકારવામાં આવશે. જે દંડ નહીં ભરે તેમની સામે ફરિયાદ થશે અને ૩ વર્ષ સુધી જેલની સજા મુજબ ગુનો નોંધવામાં આવશે. આવતીકાલે તા.૧૩ એપ્રિલની સવારે ૬ વાગ્યાથી તમામ વ્યક્તિએ જાહેર રસ્તા, સ્થળ વગેરે જગ્યાએ માસ્ક પહેરવું ફરજીયાત છે. તમામ માસ્ક પહેરે તે જરૂરી છે. માસ્ક પહેરવાથી સંક્રમણ અટકાવી શકાય છે. આવતીકાલે તા.૧૩ એપ્રિલથી અમ્યુકોની ટીમો રોડ પર ફરશે અને જો કોઈએ માસ્ક નહીં પહેર્યું હોય તો દંડ ફટકારવામાં આવશે. લોકોને અપીલ છે કે અમારે દંડ કરવો પડે તેવું કરવું નહી અને માસ્ક પહેરવું ફરજીયાત છે.

### વાર્તાઓનું વાચિકમ્... ● ત્રીજા પાનાનું ચાલુ

આ ઉપરાંત ગુજરાતી સાહિત્યમાં અનેક બાળવાર્તાકાર લેખકોએ વાર્તાઓ લખી છે જેનો અખૂટ સાહિત્ય ખજાનો ઉપલબ્ધ છે પરંતુ આજની અર્વાચીન જીવનશૈલીમાં વાર્તા શ્રવણની પ્રથા લુપ્ત થઈ રહી છે. કોરોના મહામારીના પગલે સર્જાયેલી સ્થિતિમાં અનેક નાગરિકો ઘરે બેઠાં સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરે છે તેવો જ એક પ્રયાસ ગાંધીનગરના કડી સર્વ વિશ્વ વિદ્યાલયની એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનમાં સહાયક પ્રાધ્યાપક તરીકે સેવા આપતા અજય રાવલે "વાર્તાઓનું વાચિકમ્" થકી કાબર અને કાગડો, ચકલો-ચકલી, બોલતી ગુફા, ચતુર કાગડો, વાંદરો અને મગર જેવી જૂની લોકપ્રિય વાર્તાઓને પ્રસ્તુત કરી છે. તેમની ચેનલ પર લગભગ દરરોજ એક નવી વાર્તા અપલોડ કરવામાં આવે છે. જેને યુ-ટ્યુબ પર અજય રાવલ સર્ચ કરવાથી પ્રાપ્ત કરી શકાય છે. આ વાર્તાઓનો ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાત રાજ્યના તથા વિશ્વભરમાં રહેતા ગુજરાતી પરિવારો લાભ વિના મૂલ્યે મેળવી શકે છે.

### બગડતી હાલત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગઈ છે. ધારાવીમાં લાખોની વસતી રહે છે. આવી સ્થિતિમાં ખતરનાક સંકેત મળી રહ્યા છે. સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે, ધારાવીમાં કોરોના પર બ્રેક મુકવાની બાબત મુશ્કેલરુપ બની શકે છે. બીએમસીના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, ૮૦ વર્ષના કોરોના પોઝિટિવ વૃદ્ધનું કસ્તુરબા હોસ્પિટલમાં મોત થયું છે. મહારાષ્ટ્રમાં કેસોની સંખ્યા ૧૮૦૦થી ઉપર પહોંચી ચુકી છે ત્યારે મુંબઈ સૌથી પ્રભાવિત વિસ્તાર છે. મુંબઈમાં કેસોની સંખ્યા સેંકડોમાં પહોંચી છે. કઠોર ધારાધોરણો અમલી કરવામાં આવ્યા છે. ધારાવીમાં કોરોનાગ્રસ્ત દર્દીઓમાં દિલ્હીના નિઝામુદીનમાં ગયા મહિને જમાત કાર્યક્રમમાં પહોંચેલા અને પરત આવેલા કેટલાક લોકો પણ સામેલ છે. શુક્રવારના દિવસે કોરોનાના પાંચ કેસો આવ્યા હતા ત્યારબાદ કેસોની સંખ્યામાં અતિ ઝપડથી વધારો થઈ રહ્યો છે.

### નજીક પહોંચી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજસ્થાનમાં કેસો વધતા સંખ્યા ૭૯૬ પર પહોંચી છે. કોરોના વાયરસે ૩૧ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સકંજામાં લઈ લીધા છે. સરકાર દ્વારા હેલ્પલાઈન નંબર જારી કરવામાં આવ્યા છે. ભારત સરકાર તમામ રીતે લોકોને સુરક્ષિત રાખવા માટે માર્ગદર્શિકા વારંવાર જારી કરી રહી છે. તમામ રાજ્યોમાં કોરોનાના કેસો સપાટી પર આવી રહ્યા છે. જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેનાથી ચિંતા વધી ગઈ છે. સરેરાશ ૫૦૦થી વધુ કેસો છેલ્લા કેટલાક દિવસમાં નોંધાયા છે. દર્શાવે છે કે કોરોના વાયરસ કેટલી ઝડપથી ભારતમાં પણ પગ પેસારો કરી રહ્યો છે. કેટલાક હોટ સ્પોટ કેન્દ્રો પણ જાહેર કરવામાં આવ્યા છે. યુદ્ધના ધોરણે તમામ પગલા દેશમાં લેવામાં આવી રહ્યા છે. ૨૧ દિવસના લોકડાઉનના ગાળાનો દોર કઠોર રીતે હાલમાં દેશમાં અમલી છે. કેસોની સંખ્યા અને મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. તમિળનાડુ, દિલ્હી, મહારાષ્ટ્ર, તેલંગાણા સહિતના રાજ્યોમાં પણ ખુબ ઝડપથી કેસો વધ્યા છે. દેશમાં અનેક નવા કેસો સપાટી પર આવી રહ્યા છે. મહારાષ્ટ્ર સૌથી વધારે પ્રભાવિત રાજ્ય છે. અહીં કેસોની સંખ્યા ૧૯૮૨ કરતા વધારે થઈ ગઈ છે. સ્થિતી વણસે તેવા સંકેતો મળી રહ્યા છે. કારણ કે આઠ રાજ્યોમાં કેસોની સંખ્યા ૨-૪ દિવસમાં જ બે ગણી થઈ ગઈ છે. રાજસ્થાન, હરિયાણા, દિલ્હી, કેરળ, જમ્મુ કાશ્મીર સહિતના રાજ્યોમાં કેસોની સંખ્યામાં તીવ્ર વધારો થયો છે. આઠ રાજ્યોમાં ખતરનાક સ્થિતીના સંકેત મળી રહ્યા છે. કેરળ અને કર્ણાટકમાં ગતિ ધીમી થઈ છે.

### વિશ્વમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બુંદ સમાન છે. કારણ કે વાયરસના કારણે અસરગ્રસ્ત લોકોની સંખ્યા વિશ્વમાં ખુબ વધારે છે. રિકવર પણ મોટી સંખ્યામાં લોકો થઈ રહ્યા છે. જો કે સ્થિતીને સામાન્ય બનાવી દેવા માટેના પ્રયાસો યુદ્ધના સ્તર પર તમામ દેશો કરી રહ્યા હોવા છતાં સ્થિતી સુધારો થઈ રહ્યો નથી. કોરોનાના કારણે સ્થિતી ક્યારેય સુધરશે તે અંગે હાલમાં વાત કરવી મુશ્કેલ છે. સ્પેન અને ફ્રાન્સ પણ તમામ પ્રયાસો કરી રહ્યા છે. જો કે સફળતા મળી રહી નથી. સ્પેન, અમેરિકા, ઈટાલી સહિતના દેશો વધારે અસરગ્રસ્ત થયા છે. તેમના પગલા પણ હવે અપુરતા સાબિત થઈ રહ્યા છે. કોરોના કહેર હજુ જારી રહી શકે છે. દુનિયાના દેશો માની રહ્યા છે કે હજુ એપ્રિલના મહિના સુધી તેનો આતંક યથાવત રીતે જારી રહી શકે છે. કારણ કે કેસોની સંખ્યા વધી છે. હજુ ગંભીર રીતે અસરગ્રસ્ત રહેલા દર્દીઓની સંખ્યા હજારોમાં રહેલી છે. આવી સ્થિતીમાં દુનિયાના દેશમાં રિક્વરીમાં સમય લાગી શકે છે. અમેરિકા, ઈટાલી, સ્પેન સહિતના દેશોમાં સ્થિતી વણસી ગઈ છે. જ્યારે ચીન, દક્ષિણ કોરિયા અને જાપાન સહિતના દેશોમાં સ્થિતી હળવી કરવામાં આવી રહી છે.

### નાપાક હરકત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મજબૂર બન્યા છે. એક બાજુ કોરોના સામે જંગ જારી છે ત્યારે પાકિસ્તાની સેના દ્વારા આ પ્રકારના કૃત્યો કરવામાં આવી રહ્યા છે જે તેના માટે શરમજનક સ્થિતિ રહેલી છે. પાકિસ્તાનમાં કોરોનાના કારણે સ્થિતિ વણસી રહી છે ત્યારે પાકિસ્તાની સેના લોકોને મદદરુપ થવાના બદલે ભારતીય સૈના પર હુમલા કરવામાં વ્યસ્ત બનેલી છે. પાકિસ્તાન તરફથી શુક્રવાર, શનિવાર અને આજે રવિવાર એમ સતત ત્રણ દિવસથી ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. ગઈકાલે મોડી રાત્રે પાકિસ્તને બાલાકોટ, શાહપુર સેક્ટરમાં ગોળીબાર કર્યો હતો જેના જવાબમાં ભારત તરફતી જોરદાર કાર્યવાહી કરાઈ હતી. આ કાર્યવાહીમાં પાંચ પાકિસ્તાની સૈનિકો ફુંકાઈ ગયા છે. બીજી બાજુ કેરન સેક્ટરમાં કુંપવારામાં સેનાની સાથે ભીષણ અથડામણ દરમિયાન માર્યા ગયેલા પાંચ આતંકવાદીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારો અને વસ્ત્રો પણ મળી આવ્યા છે.


ઘરમાં રહો, સુરક્ષિત રહો

આપણે સુરક્ષિત, તો રાષ્ટ્ર સુરક્ષિત

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

૬૦ લાખથી વધુ મધ્યમવર્ગીય પરિવારોના હિતમાં રાજ્ય સરકારનું અભૂતપૂર્વ પગલું

સમગ્ર ગુજરાત રાજ્યમાં



આજથી વિનામૂલ્યે અન્ન વિતરણનો પ્રારંભ



APL-1 રેશનકાર્ડ ધરાવતા અઢી કરોડ કરતાં વધુ લોકોને એપ્રિલ મહિનામાં વિનામૂલ્યે અન્ન વિતરણનો મુખ્યમંત્રીશ્રીનો સંવેદનશીલ નિર્ણય

• અન્ન વિતરણ વ્યવસ્થા સરળતાથી કાર્યરત રહે તે માટે તા. ૧૩ એપ્રિલથી ૧૭ એપ્રિલ દરમ્યાન (૧૫ આંકડાના રેશનકાર્ડ નંબરમાં પાછલા આંકડાની સંખ્યા એટલે કે છેલ્લે ૨૧ હોય તો ૧ નંબર સમજવો) તે મુજબ અન્ન વિતરણના દિવસો નિર્ધારીત રહેશે

| બુકલેટ નંબર : XXXXX XXXXX | APL-1 Card |
|---|---|
| રેશન કાર્ડ નં: | XXXXX XXXXX XXXX1 જન સંખ્યા XX |

NFSAમાં સમાવિષ્ટ ન હોય તેવા APL-1 રેશનકાર્ડ ધારકોના કાર્ડ નંબરમાં

છેલ્લા આંકડાનો નંબર ૧ અને ૨ હોય તેમને તા. ૧૩ એપ્રિલ
છેલ્લા આંકડાનો નંબર ૩ અને ૪ હોય તેમને તા. ૧૪ એપ્રિલ
છેલ્લા આંકડાનો નંબર ૫ અને ૬ હોય તેમને તા. ૧૫ એપ્રિલ
છેલ્લા આંકડાનો નંબર ૭ અને ૮ હોય તેમને તા. ૧૬ એપ્રિલ
છેલ્લા આંકડાનો નંબર ૯ અને ૦ હોય તેમને તા. ૧૭ એપ્રિલે

વિનામૂલ્યે અન્ન વિતરણ કરવામાં આવશે. પરંતુ, અનિવાર્ય સંજોગોમાં જો કોઈ રહી ગયુ હશે તો તેઓ તા. ૧૮ એપ્રિલના રોજ અન્ન મેળવી શકશે

• રાજ્યભરમાં આવેલી ૧૭ હજાર જેટલી સસ્તા અનાજની દુકાનો પરથી Non-NFSA APL-1 રેશનકાર્ડ ધરાવનારને એપ્રિલ માસ પુરતું ૧૦ કિ.ગ્રા. ઘઉં, ૩ કિ.ગ્રા. ચોખા, ૧ કિ.ગ્રા. દાળ અને ૧ કિ.ગ્રા. ખાંડ વિનામૂલ્યે અપાશે. ગ્રાહકે પોતાનું રેશનકાર્ડ, આધારકાર્ડ/ઓળખકાર્ડ સાથે રાખવું
• સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાય-સુચારુ રીતે અન્ન વિતરણ થાય તેવી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા દુકાનદીઠ શિક્ષક,તલાટી કે ગ્રામસેવક,પોલીસ અને સ્થાનિક અગ્રણીની કમિટિ વ્યવસ્થા સંભાળશે



મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની અપીલ

"રાજ્યમાં APL-1 કાર્ડ ધરાવતા સુખી-સંપન્ન પરિવારો સ્વૈચ્છિક રીતે પોતાનો અધિકાર જતો કરીને, જરૂરિયાતમંદોને અન્નનો જથ્થો સત્વરે મળે તે માટે હેવ એન્ડ હેવનોટની ખાઈ પૂરવાનું સામાજિક દાયિત્વ અદા કરે"



કોરોના વાયરસથી બચવા અન્ન મેળવતી વખતે ખોટી ભીડ ન કરીએ અને સોશ્યલ ડિસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરીએ - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત